# Official Visit of the External Affairs Minister to Brazil, Paraguay and Argentina (August 22-27, 2022)

# વિદેશ મંત્રીની બ્રાઝિલ, પેરાગ્વે અને આર્જેન્ટિનાની અધિકૃત મુલાકાત (22-27 ઓગસ્ટ, 2022)

19 ઓગસ્ટ, 2022

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર દ્વારા 22-27 ઓગસ્ટ 2022 નાં રોજ બ્રાઝિલ, પેરાગ્વે અને આર્જેન્ટિનાની અધિકૃત મુલાકાત લેવામાં આવશે. આ મુલાકાત વિદેશ મંત્રીની દક્ષિણ અમેરિકા પ્રાંતની સૌપ્રથમ મુલાકાત હશે. આ મુલાકાત દરમિયાન, સમતુલ્યો સાથેની દ્વિપક્ષીય સામેલગીરીઓ ઉપરાંત, વિદેશ મંત્રી આ ત્રણેય દેશોનાં ટોચનાં વડાઓને મળશે.

પેરાગ્વેમાં વિદેશ મંત્રી દ્વારા નવા ખોલવામાં આવેલા ભારતીય દૂતાવાસનાં પરિસરનું ઉદ્ઘાટન પણ કરશે જે જાન્યુઆરી 2022 થી કાર્યરત થઇ ગયું હતું. આ દેશમાં ભારતીય વિદેશ મંત્રી દ્વારા આ સૌપ્રથમ મુલાકાત હશે.

બ્રાઝિલ અને આર્જેન્ટિનામાં વિદેશ મંત્રી દ્વારા તેઓનાં સમતુલ્યો સાથે જોઇન્ટ કમિશન મીટિંગોની સહ-અધ્યક્ષતા કરવામાં આવશે. જોઇન્ટ કમિશન મીટિંગોમાં વિભિન્ન ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સંબંધોનાં તમામ પાસાઓની સમીક્ષા કરવામાં આવશે અને સામાન્ય હિતનાં પ્રાંતિય અને વૈશ્વિક મુદ્દાઓની ચર્ચા કરવામાં આવશે. આર્જેન્ટિના અને બ્રાઝિલ ભારતનાં વ્યૂહાત્મક ભાગીદાર દેશો છે. વધુમાં, વિદેશ મંત્રી દ્વારા આ દેશોમાં વ્યાપારી આગેવાનો અને ભારતીય સમુદાયો સાથે સંવાદ પણ કરવામાં આવશે. બ્રાઝિલમાં તેઓ રિયો બ્રાન્કો ઇન્સ્ટિટ્યુટ (બ્રાઝિલ ડિપ્લોમેટિક એકેડેમીઃ ખાતે સંબોધન કરશે તેવું નિર્ધારિત કરેલું છે.

આ 3 દેશોમાં વિદેશ મંત્રીની મુલાકાત લેટિન અમેરિકન દેશોમાં આપણા ભાગીદારો સાથે પ્રવર્તમાન ઉચ્ચ-સ્તરીય સામેલગીરી ચાલું રાખવાની, મહામારી બાદનાં યુગમાં સહકારનાં નવા ક્ષેત્રોની ખોજ કરવાની, અને દ્વિપક્ષીય અને આંતરરાષ્ટ્રિય અગત્યતા ધરાવતા મુદ્દાઓ પર દ્રષ્ટિકોણોની આપ-લે કરવાની તક પ્રદાન કરશે.

**નવી દિલ્હી**
**19 ઓગસ્ટ, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.